જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । ગુરુવાર । તા. ૧૮-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દશેરા-દિવાળી અને વિવિધ તહેવારો હોવાથી કેશની મોટી તકલીફ સર્જાશે

પૈસાની અગવડ પડશે : નવેમ્બર સુધી ૧૧ દિવસ બેન્કો રહેશે બંધ

ન્યુ દિલ્હી

તહેવારનાં સિઝનની શરૂઆત થઈ ગઈ છે અને આગામી બે મહિનામાં ચાર મોટા તહેવારો આવે છે. દેખીતી વાત એ છે કે આ તહેવારો પર તમામ બૅંકોમાં રજાઓ રહેશે. બેંકના બંધ રહેવાથી લોકો દિવાળી-દશેરા સિવાય ઈદ-એ-મિલાદ અને ગુરૂ તેગ બહાદુરજીના શહીદ દિવસ પર કેશની મોટી તકલીફ થશે.

આરબીઆઇ વેબસાઇટ મુજબ, ઑક્ટોબર મહિનામાં ગુરુવાર ૧૮ તારીફથી લઈને રવિવાર ૨૧ તારીખ સુધીમાં બેંકો બંધ રહેશે. જોકે ઘણા રાજ્યોમાં શનિવાર ૨૦ ઑક્ટોબરે બેંક ખુલ્લી રહેશે. આ રીતે ૧૮, ૧૯ અને ૨૧ ઑક્ટોબરમાં બેંકમાં રજા રહેશે.

નવેમ્બરનાં પહેલા અઠવાડિયામાં જ દિવાળીની ઉજવણી ૫ થી શરૂ થશે. ૫ તારીખે ધન તેરસ, ૭એ ચૌદશ, ૭ એ દિવાળી, ૮ એ નવું વરસ અને ૯ એ ભાઈદૂજ છે. તો વળી ૧૦ અને ૧૧ નવેમ્બર શનિવાર અને રવિવાર છે. આ રીતે ઘણા રાજ્યોમાં ૫ થી લઈને ૧૧ સુધી રજા રહેશે. જે રાજ્યોમાં દિવાળીની તહેવારની અસર નથી, તે દક્ષિણ ભારત અને ઉત્તર-પૂર્વના રાજ્ય છે. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં આ દરમિયાન બૅંકો પણ કામ કરશે નહીં. તે જ મહિનાના અંતમાં ૨૩ નવેમ્બરે ઈદ-એ-મિલાદ અને ૨૪ ને ગુરૂ તેગ બહાદુરજીનો શહીદી દિવસ છે.

આજકાલ એટીએમમાં પણ કેશની તકલીફ થઈ શકે છે. તેથી તમારે પૂરતી કેશની વ્યવસ્થા પહેલાથી કરવી પડશે, જેથી આગળ કોઈ પણ પ્રકારે કોઈ મુશ્કેલી ઊભી ન થાય. જોકે, બૅંકના પક્ષે કહ્યું છે કે તહેવારના સમયે છૂસ્સાં કેશની સમસ્યા નહીં થાય. તેના માટે પહેલાથી વ્યવસ્થાપન કેશ વ્યવસ્થાપકોને ATMમાં પૈસા નાખવા માટે કહેવામાં આવે છે.



નવરાત્રિ મહોત્સવ દરમિયાન આઠમના દિવસે મા આદ્યશક્તિની આરધના માટે આઠમનું વિશેષ મહત્વ છે. આઠમ નિમિત્તે સુરતના અઠવાલાઈન્સ સ્થિત અંબિકા નિકેતન મંદિરે માતાજીની પ્રતિમાને ભવ્ય શણગાર કરવામાં આવ્યા હતા તેમજ છપ્પન ભોગ ધરાવવામાં આવ્યા હતા.

બઢતી વિવાદમાં એસવીએનઆઈટી કેમ્પસમાં પ્રોફેસરોના પ્રતિક ધરણા



નિયમ અનુસાર મળેલી બઢતીના ઓર્ડરો અટકાવી દેવાતા વિરોધ પ્રદર્શન

સુરત

એસવીએનઆઈટીના પ્રોફેસરોની બઢતી પ્રક્રિયાના મુદ્દે આજે પ્રોફેસરોએ કોલેજ કેમ્પસના વહીવટી ઓફિસ પાસે ધરણાં યોજીને વિરોધ પ્રદર્શન યથાવત રાખવામાં આવ્યો હતો. બઢતીનો વિવાદ ઉકેલવાની વારંવાર માંગણી છતાં સરકારના કહેવાથી અઢતીના ઓર્ડરો થતા ન હોય, પ્રોફેસરોએ પ્રશાસન સામે રણશિંગુ ફૂંક્યું છે.

હાલ આ પ્રકરણમાં હાઈકોર્ટમાં છે, ત્યારે આગામી સુનાવણી ૨૪ નવેમ્બરે થશે.

દરમિયાન સરકારના વિવાદાસ્પદ અધોષિત નિર્ણયના વિરોધમાં આજે પ્રોફેસરોએ પ્રતિક ધરણાં કર્યા હતા. પ્રોફેસરોનો આક્ષેપ છે કે નિયમાનુસાર બઢતી આપવાને બદલે પ્રશાસન યેનકેન પ્રકારે આ બઢતીના ઓર્ડરો અટકાવી રાખી અન્યાય કરવામાં આવી રહ્યો છે.

સાબી દિવાળીએ વરાછામાં રેડીમેઈડ વસ્ત્રોના ગોડાઉનમાં થયેલી ચોરી

૩૦૦ જીન્સ પેન્ટ અને ૨૩૫૦ શર્ટ ચોરાઈ ગયા

સુરત

દિવાળી રેડીમેઈડ કપડાની ચોરીના બનાવો વધતાં જાય છે. વરાછા રોડ ઉપર આવેલ રોડ ઉપર આવેલ ભવાની સેલ બજારના ગોડાઉનમાંથી ૩૦૦ જીન્સ અને ૨૩૫૦ શર્ટ મળી કુલ્લે રૂપિયા ૪,૧૨,૫૦૦ની મત્તા તસ્કરો ચોરી કરી ગયા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહેતા સંજય રતિભાઈ કપુરીયાનું રેડીમેઈડ કપડાનુ ગોડાઉન વરાછા બી.પી. કમ્પાઉન્ડમાં ભવાની સેલ બજારના નામથી આવેલું છે. આ ગોડાઉનના પ્લાયની પાટીશન તોડી અજાણ્યા તસ્કરો ગોડાઉનમાંથી જીન્સ નંગ-૩૦૦, (કિંમત રૂા. ૬૦,૦૦૦), શર્ટ નંગ ૨૩૫૦ (કિંમત રૂા. ૩,૫૨,૫૦૦) ની ચોરી કરી ગયા હતા. વરાછા પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવવી ફૂટેજના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

વ્યાજ સહિત રૂા. ૭૦ લાખ ચૂકવી દેવાયા છતાં લેણદારને ઉઠાવી જવાની ધમકી

મકાન નામે કરી દેવા ધમકી મળતા કાપોદ્રા પોલીસમાં ફરિયાદ

સુરત

ધંધા માટે સવા ચાર ટકાના વ્યાજે લીધેલા રૂપિયા ૭૦ લાખ વ્યાજ સહિત ચૂકવી દીધા બાદ પણ વ્યાજખોરે પંચમા મૂકેલ મકાન પોતાના નામે કરવા માટે ધાક ધમકી આપી હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકે નોંધાયો હતો.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યચા મુજબ કાપોદ્રા સ્વામિનારાયણ નગરમાં રહેતા વિલાસબેન મિલનભાઈ વિરડીયાએ આરોપી મુકેશ રાઘવધામી (રહે. સત્તાધાર સોસાયટી, એ.કે. રોડ) વિરુદ્ધ ફીરયાદ નોધાવી હતી. રિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના પીતએ ધંધા માટે આરોપી પાસેથી સવા ચાર ટકાના વ્યાજે રૂપિયા ૭૦ લાખ લીધા હતા. વ્યાજ સહિતના રૂપિયા ચૂકવી દેવાયા, છતાં પણ આરોપીએ વધુ રૂપિયાની માંગણી કરી લેણદારો કલ્યાણ દેવરાજ શેખલિયા, બાબુ ભગવાન પોકીયા, વૈભવ રમેશ માલવીયા, મનસુખ જયંતિ, ભાવેશ ધડુક, લાલજી કાનજી વિરડીયા સાથે ઘર પંચમાં મૂક્યું હોય, જે ઘર પોતાના નામે કરવા માટે આરોપીએ ફરિયાદીને ફોન કરી પતિને ઉઠાવી જઈ મારી નાખવાની ધમકી આપી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

માસૂમ બાળકીના હત્યારાને શોધવા સુરત શહેર પોલીસની બિહારમાં ચોતરફ તપાસ



બળાત્કાર બાદ હત્યા કરી દેવાયેલી માસૂમ બાળકીના હત્યારાને ઝડપી પાડવા પોલીસ આકાશ પાતાળ એક કરી રહી છે. દરમિયાન મૃત બાળકીના ઘર પાસે અગમચેતીના પગલારૂપે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

મોબાઈલ ફોન નંબરના આધારે નરાધમ અનિલ યાદવનું પગેરું દબાવતી સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસ

સુરત

શહેરમાં કાળજુ કપાવી નાખે તેવી બળાત્કારની ઘટનાઓ બની રહી છે. વિકૃત મગજના વાસના લોલુપ હવસખોરો માસૂમ બાળકીને નિશાન બનાવી રહ્યા છે. ગોડાદરામાં માસૂમ બાળકી ઉપર બળાત્કાર ગુજારી હત્યા કરનાર નરાધમ અનિલ - યાદવને શોધી કાઢવા માટે સુરત પોલીસ આકાશ પાતાળ એક કરી રહી છે. બિહારના વતની યાદવને શોધવા એક પોલીસ ટીમ બિહાર પહોંચી છે. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં લોકોમાં ભારે રોષ જોવા મળે છે. પોલીસે આરોપી નરાધમને વહેલી તકે શોધી કાઢી કડકમાં કડક સજા કરવા માટેની માગ ઉઠવા પામી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ જઘન્ય અપરાધના આરોપી અનિલ યાદવને શોધી કાઢવા માટે પોલીસ તમામ પ્રકારના પ્રયાસો કરી રહી છે. આરોપીના મોબાઈલ ફોનની ડેટા મેળવીને ઘટના પહેલી અને ઘટના બાદ જે જે વ્યકિત સાથે વાત કરી હોય તેવા વ્યકિતઓની ઓળખ માટેના પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યાં છે. જેથી કરીને આરોપી અનિલ યાદવનું લોકેશન ટ્રેસ કરી શકાય. તપાસ અધિકારીઓએ આશા વ્યકત કરી હતી કે આરોપી અનિલ યાદવને ટૂંક સમયમાં શોધી કાઢવામાં આવશે આરોપી વિરુદ્ધના પૂરાવા પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

મોડેલ ટાઉનશિપમાં દિગમ્બર જૈન મંદિરમાંથી ભગવાનની મૂર્તિઓની ચોરી

ધાર્મિક કાર્યક્રમ દરમિયાન અષ્ટ ધાતુની મૂર્તિ ચોરાઈ ગઈ

સુરત

પરવત પાટિયા ખાતે આવેલ મોડલ ટાઉનશિપ નજીક આદિનાથ જૈન દિગમ્બર મંદિરમાં રાત્રિ દરમિયાન તસ્કરો ત્રાટકીને ભગવાનની મૂર્તિ ચોરી કરી નાસી ગયા હોવાની જાણ થતા જૈન સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે.

લીંબાયત પોલીસ સૂત્રો દ્વારા મળતીમ ાહિતી મુજબ પરવત પાટિયા પાસે આવેલ આદિનાથ જૈન મંદિરમાં ૧૦ થી ૨૯ ઓક્ટોબર સુધી ૨૪ સમવશરાણ કલ્પદ્ર મહામંડળ વિધાન કાર્યક્રમ ચાલી રહ્યો છે. આજે સવારે ભગવાનની મૂર્તિની પૂજા થવાની હતી. તે મૂર્તિ રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યોત સ્કરો ચોરી કરી ગયો છે. તસ્કરો અષ્ટધાતુની મૂર્તિ, ચાંદીનો છત્ર અને કળશની ચોરી કરી ફરાર થયો છે. આદિનાથ દિગમ્બર જૈન મંદિરમાં ચોરી થઈ હોવાની જાન થતા જ આજુબાજુના વિસ્તારમાં વસતા જૈન સમાજના લોકો મોટી સંખ્યામાં ભેગા થયા હતા. મંદિરમાં આજે જે ભગવાનની મૂર્તિ થવાની હતી તે મૂર્તિ જ ચોરી થતા જૈન સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જૈન સમાજના લોકો નજીકમાં આવેલ કેશવનગર પોલીસ ચોકી ખાતે ભેગા થઈને પોલીસ ચોકીનો ઘેરાવ કરીને તસ્કરને તાત્કાલિક ઝડપી પાડવાની માગ કરી હતી.

ડુંગરી હાઈ-વે પરથી પુરવઠા તંત્ર દ્વારા ઘઉં ભરેલો ટેમ્પો પકડાયો

વલસાડ

વલસાડ તાલુકાના ડુંગરી ને.હા.નં. ૮, નવી નગરી ખાતે હીરાલાલ છબુજી ગુર્જરના આંગણામાં પાર્ક કરેલા ટેમ્પો નં. જીજે-૧૫-એયુ-૦૫૨૧ની વલસાડ મામલતદાર કે.એ. પટેલ તથા નાયબ મામલતદાર પી.આર. પટેલે જડતી લેતાં તેમાં ૧૩ કટ્ટામાં અંદાજે ૩૩૦ કિ.ગ્રા. ઘઉંનો જથ્થો ગેરકાયદેસર અને બીલ વગરનો જણાતાં ઘઉં અને ટેમ્પો મળી કુલ રૂા.૫૮,૩૦૦/-નો મુદ્દામાલ સીઝ કરી તેનો કેસ આગળની કાર્યવાહી અર્થે વલસાડ પુરવઠા વિભાગને મોકલવામાં આવ્યો છે.

બાળકોની સુરક્ષા અંગે સુરત પોલીસ કમિશનર સતીષ શર્માની અપીલ

સુરત

શહેરના લીંબાયત, ડીંડોલી અને પાંડેસરા પોલીસ મથક વિસ્તારમાં માસુમ બાળકીઓનું અપહરણ-દુષ્કર્મ અને હત્યાના જઘન્ય બનાવ બાદ પોલીસ કમિશનર સતીષ શર્મા દ્વારા સોશિયલ મીડિયા દ્વારા બાળકોનું ધ્યાન રાખવા અપીલ કરી છે.

સુરત શહેર પોલીસ કમિશનર સતીષ શર્મા દ્વારા શહેરમાં માસુમ બાળકો પર થઈ રહેલ દુષ્કર્મ, અપહરણ અને હત્યાના બનાવો અટકાવવા માટે સોશિયલ મીડિયાની મદદ લીધી છે. ગતરોજ લીંબાયતના ગોડાદરા વિસ્તારમાં સાડાત્રણ વર્ષની માસુમ બાળકીનું અપહરણ, દુષ્કર્મ અને હત્યાના જઘન્ય બનાવ બાદ પોલીસ કમિશનર દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી માસુમ બાળકોનું ધ્યાન રાખવા માટેની અપીલ કરવામાં આવી છે. વાલીઓ પોતાના સંતાનોનું ધ્યાન રાખે બાળકોને એકલા કોઈ જગ્યાએ જવા નહીં દેવા બાળકોનું ધ્યાન રાખવાથી ગુનાઓ થતા અટકાવી શકાશે.

તાપી જિલ્લામાં એકતા રથયાત્રા અંગે વ્યારા ખાતે બેઠક યોજાઈ

યાત્રાને સફળ બનાવવા કલેક્ટરનું માર્ગદર્શન

વ્યારા

આગામી તા. ૨૦મી, ઓકટોબરથી સમગ્ર રાજયની જેમ તાપી જિલ્લામાં યોજાનારી એકતા રથયાત્રાને અનુલક્ષીને તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર એન.કે ડામોરની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠકનું યોજવામાં આવી હતી.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા જિલ્લા કલેકટર એન.કે ડામોરે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા આગામી તા. ૩૧મી, ઓકટોબરના રોજ નર્મદા જિલ્લાના સાધુ બેટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવામાં આવનાર છે. જેને અનુલક્ષીને સમગ્ર રાજયની જેમ તાપી જિલ્લાના નાગરિકોને પણ અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઇ પટેલના જીવન અને કાર્યો અંગે જાણકારી મળે એ માટે એકતા રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ એકતા રથયાત્રાના કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ અધિકારીઓ તેમને સોંપવામાં આવેલી કામગરી પુરી નિષ્ઠા અને જવાબદારીપૂર્વક પાર પાડે એવી અપેક્ષા વ્યકત કરી હતી.

બેઠક દરમિયાન જિલ્લા કલેકટરે સાતે સાત તાલુકાના લાયઝન અધિકારીઓ દ્વારા એકતા રથયાત્રા સંદર્ભે કરવામાં આવેલા આગોતરા આયોજનથી વાકેફ થઇ તેમણે એકતા યાત્રાના સફળ આયોજન અંગે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.બી વહોનિયા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે નિનામા, વ્યારા પ્રાંત તુષારભાઇ જાની, નિઝર પ્રાંત યુ.એન. જાડેજા, જિલ્લા શિક્ષણાધિકારી જે.એમ. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદભાઇ પટેલ, ખેતીવાડી અધિકારી એસ.બી.ગામીત, નાયબ પશુપાલન નિયામક સી.એમ. રાણા, જિલ્લા અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યકક્ષાની જિમ્નાસ્ટિક સ્પર્ધામાં સુરતની વિશાખા ધામેલીયા ત્રણ ગોલ્ડ સાથે પ્રથમ ક્રમે

કૌશલ વિદ્યાભવનનું ગૌરવ વિશાખા ધામેલીયાને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા

સુરત

ગુજરાત રાજય જિમ્નાસ્ટિક એસોસિએશન દ્વારા તા.૧૩ થી ૧૫ ઓકટોબર-૨૦૧૮ દરમિયાન શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ સંકુલ-રાજપીપળામાં રાજય કક્ષાની કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટિશનમાં કૌશલ વિદ્યાભવનમાં ધો.૧૧માં અભ્યાસ કરતી ધામેલિયા વિશાખાએ U-17 આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિકમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમાં અનિવન બાર અને બેલેન્સિંગ બીમમાં ગોલ્ડ મેળવ્યા હતા અને વોલ્ટિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સાથે ઓલ રાઉન્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ગુજરાતમાં આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિકમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ સિદ્ધિ મેળવવા બદલ કૌશલ વિદ્યાભવનના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી અને શાળા પરિવારે ધામેલિયા વિશાખાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.ધામેલિયા વિશાખા સૂર્યપુર વીર વ્યાયામ શાળામાં જિમ્નાસ્ટિકની તાલીમ લઈ રહી છે, તેના કોચ શ્રી રવિભાઈ તાંદલેકરનું માર્ગદર્શન સતત મળતું રહે છે.

મહુવા-અનાવલ રોડ પીછો કરી ત્રણ જણાંએ ગાડીને આગ ચાંપી

ગાડી થોભાવી ડ્રાઈવરને માર મારી વાહનને આગ લગાડી દીધી

સુરત

મહુવા અનાવલ રોડ ઉપર ગાડીનો પીછો કરી ડ્રાઈવરને ઢીક-મુક્કીનો માર મારી ગાડીને સળગાવી દઈ ત્રણ યુવકો નાસી છૂટયા હતા. બનાવ સંદર્ભે મહુવા પોલીસે ફીરયાદ નોંધી હતી. મૂળ આઝમગઢ યુપીના રહેવાસી સુરેન્દ્ર વિશ્વનાથ યાદવે આરોપી ઈશહાક ઈબ્રાહિમ વછીયાત (રહે. લાજપોર બેન્ક ઓફ બરોડાની બાજુમાં) અને બે અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ મહુવા અનાવલ રોડ વહેવણ વાંક પાસે આરોપીઓએ ફરિયાદીની ગાડીનો પીછો કરી છૂટા પથ્થરો મારી ગાડીને આંતરીને ફરિયાદીને માર માર્યો હતો. ત્યારબાદ ગાડીને બળગાવી દઈ રૂપિયા સાત લાખનું નુકસાન કર્યું હતું.

તા.૨૫'મીએ ડાંગ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાશે કાર્યક્રમ

આહવા

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને દર માસે યોજાતા પ્રજાપ્રશ્નો, ફરિયાદોના નિકાલ કાર્યક્રમો પૈકીનો, ડાંગ જિલ્લાનો જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૫મી ઓક્ટોબર, ૨૦૧૮નાં રોજ સવારે ૧૧ વાગ્યે, કલેક્ટર શ્રી બી.કે.કુમારના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાશે.

જિલ્લા કક્ષાના આ ફરિયાદ નિવારણ કાર્યક્રમોમાં જિલ્લાના પ્રજાજનો તા.૧૭/૧૦/૨૦૧૮ સુધી અરજી કરી શકશે. જે ખાતા/કચેરીનો પ્રશ્ન હોય તે સીધો સંબંધિત કચેરીને મોકલી તેની એક નકલ કલેક્ટર કચેરી, આહવાને મોકલવા, અને અરજીના કવર ઉપર જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ : તા.૨૫/૧૦/૨૦૧૮ એમ અચૂક લખવા માટે અરજદારોને જણાવાયુ છે. આ કાર્યક્રમમાં કલેક્ટર કચેરી, આહવાને લગતા પ્રશ્નો સિવાય અન્ય કોઇપણ પ્રશ્ન સીધા કલેક્ટર કચેરીને ન મોકલવા સાથે, ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસૂલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડિશિયલ પ્રશ્નો તથા નોકરીને લગતા પ્રશ્નો લક્ષમાં લેવામાં આવતા ન હોય, તેવા પ્રશ્નો ન મોકલવા પણ વધુમાં જણાવાયું છે. ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારોને સમયસર સ્વયં ઉપસ્થિત રહેવા પણ જણાવવામાં આવ્યું છે.

કારીગરને બેહોશ કરી રૂા. ૧.૨૦ લાખના ૩૦ ડીવાઈસ કાર્ડની ચોરી

અજાણ્યો કારીગર એમ્બ્રોઈડરી મશીનના કાર્ડ તફાડવી ગયો

સુરત

વરાછા ભરતનગરના એમ્બ્રોઈડરી કારખાનામાં કામ કરતા અજાણ્યા કારીગરો અન્ય કારીગરને ઘેનવાળી ચા પીવડાવી એમ્બ્રોઈડરીના ૩૦ ડિવાઈસ કાર્ડ અને મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા ૧.૨૩ લાખની મતાની ચોરી કરી ગયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પૂણા યોગી ચોક વનમાળી સોસાયટીમાં રહેતા પરસોત્તમભાઈ રામજીભાઈ ધામેલિયાનું એમ્બ્રોઈડરીનું કારખાનું ભરતનગરમાં આવેલું છે. આ કારખાનામાં કામ કરતા આવેલા અજાણ્યા યુવકે આથી કારીગર સુનીને ઘેનવાળી ચા ચીવડાવી મશીનના ૩૦ ડિવાઈસ કાર્ડ (કિંમત રૂા. ૧,૨૦,૦૦૦) અને સુનિલનો મોબાઈલ ફોન (કિંમત રૂા. ૩૦૦૦)ની ચોરી કરી ગયો હતો. બનાવ સંદર્ભે વરાછા પોલીસ મથકે કારખાનેદાર પરસોત્તમ રામજીભાઈ, ધામેલિયાએ ફરિયાદ કરી હતી.

પાલ સંત તુકારામ સોસાયટીમાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૧૬-૧૦-૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૦ પાલ ફા. પ્લોટ નં.૧૮૫માં આવેલ સંત તુકારામ સોસાયટીના વિભાગ-૬માં આવેલ સબ પ્લોટ નં.૩૬-૩૭માં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી વિના આશરે ૧૭૦૦.૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર આર.સી.સી. બીમ, કોલમ તથા સ્લેબ ભરવાના ઈરાદે કરેલ સેન્ટરીંગ વર્ક કરવામાં આવેલ જેનું અત્રેથી ડિમોલીશન કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર સેન્ટરીંગ વર્કના ડિમોલેશન અન્વયે મિલ્કતદાર પાસે ડીમોલીશન ચાર્જ પેટે કુલ રૂા.૫૦,૦૦૦ વસૂલ લેવામાં આવેલ. સદર કામગીરી પશ્ચિમ ઝોન રાંદેરના કાર્યપાલક ઈજનેરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના વિભાગ દ્વારા શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

ટી-સીરીઝ દ્વારા સુરતમાં 'ટિક ટિક' આલ્બમનું ટીઝર લોન્ચ કરાયું

સુરત

પીપલોદ ખાતે ટી-સીરીઝ મ્યુઝિક કંપનીના બેનર હેઠળ 'ટિક ટિક' આલ્બમનું ટીઝર લોન્ચ કરવામાં આવ્યું હતું. લોન્ચિંગ ઈવેન્ટમાં આલ્બમના નિર્માતા, નિર્દેશક અને સ્ટાર કાસ્ટ હાજર રહ્યા હતા.

માત્ર ૧૫ વર્ષની ઉંમરથી ટી-સીરીઝ મ્યુઝિક કંપની સાથે સંકળાયેલા 'ટિક ટિક' આલ્બમના સ્ટાર કાસ્ટ શિવમ સુરતવાલા, ટીવી સીરીયલની અભિનેત્રી પ્રિયંકા ખેર તથા નિર્માતા/નિર્દેશક લાલા સુરતવાલાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ ગીતકાર કુમાર દ્વારા આલ્બમના તમામ ગીતો લખવામાં આવ્યા છે. શુટિંગ મેમોરિયસમાં કરવામાં આવ્યું છે. હાલ ટિક ટિક આલ્બમનું ટીઝર લોન્ચ થયું છે. જેને લોકો ઈન્ટરનેટ પર માણી શકશે.





ખેલમહાકુંભમાં ૭૨ વર્ષીય ખેલાડી ગીરધરભાઈ દગાભાઈ નેરકર પ્રેરણારૂપ

ખેલ મહાકુંભની સીંગલ્સ અને ડબલ્સ બેડમિંગ્ટન સ્પર્ધામાં પ્રથમ ક્રમે

આહવા

રમતપ્રેમીઓ માટે ખૂબ જ પ્રોત્સાહક બની રહેલા રાજ્ય સરકારના ખેલ મહાકુંભને કારણે, અનેક ખેલ પ્રતિભાઓની ભેટ રમતજગતને મળી રહી છે. જેની સાથે રમતવીરોને પ્રેરણા, પ્રોત્સાહન અને પુરસ્કારોની સાથે સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી પણ પ્રાપ્ત થઇ રહી છે. જેનું ઉત્તમ ઉદાહરણ એટલે આહવાના ૭૨ વર્ષિય નોટઆઉટ રમતવીર શ્રી ગીરધરભાઇ દગાભાઇ નેરકર (મામા).

ખેલ મહાકુંભમાંથી રાજ્ય અને દેશને મળેલા ડાંગના રત્નો એવા આંતરરાષ્ટ્રીય દોડવીરો મુરલી ગાવિત, અને સરીતા ગાયકવાડ સહિત અનેક નામી/અનામી ખેલાડીઓએ ડાંગ જિલ્લાનું નામ રોશન કર્યું છે. જે પૈકી મૂળ મહારાષ્ટ્ર (સાક્રી, જિ.ધુળિયા)ના વતની, અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા શ્રી નેરકર મામાએ, જ્યારથી તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખેલ મહાકુંભ શરૂ કર્યો, એટલે કે સને ૨૦૧૦થી સતત બેડમિંગ્ટનમાં ભાગ લેવાનું શરુ કર્યું હતું.

પહેલા જ ખેલ મહાકુંભમાં વયજુથ ૪૦ થી ૬૦માં ભાગ લેનારા મામા ઈજાગ્રસ્ત થતા તેમનાથી વિજય થોડો છેટો રહી ગયો હતો. ત્યાર બાદ સને ૨૦૧૧ થી સતત આજદિન સુધીના ખેલ મહાકુંભમાં જુદી જુદી વયજુથમાં સીંગલ્સ, અને ત્યાર બાદ પાર્ટનર મળતા છેલ્લા પાંચ વર્ષોથી ડબલ્સમાં પણ પ્રથમ ક્રમ મેળવીને જિલ્લા કક્ષાનું રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર મેળવી રહ્યા છે.

ખેલ મહાકુંભ શરૂ થયો તે અગાઉ જયારે રાજ્ય સરકારના કર્મચારી તરીકે તેઓ ફરજ બજાવતા હતા તે વેળા સરકારી કર્મચારીઓ માટેની રમત સ્પર્ધાઓમાં પણ સતત તેઓ ભાગ લઈને, તેમની રમત અને ફીટનેસનું જતન, સંવર્ધન કરતા રહ્યા. જે ને ખેલ મહાકુંભ દ્વારા ઉડવા માટેની નવી પાંખો મળતા, આજે નેરકર મામા ૭૨ વર્ષે પણ એકવડિયા બાંધા સાથે સ્વસ્થ અને નિરોગી જીવન જીવીને, યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. નવી પેઢીના યુવક/યુવતિઓને બેડમિંગ્ટન બાબતે અવારનવાર માર્ગદર્શન અને તાલીમ આપી રહેલા શ્રી નેરકર મામાના હાથ નીચે તાલીમબદ્ધ થયેલા યુવાનો એ પણ ખેલ મહાકુંભમાં સફળતા મેળવી છે. ડાંગ જિલ્લામાં ઈનડોર ગેમ્સ એવી બેડમિંગ્ટન માટે જરૂરી એવી વુડન કોર્ટ આહવા સ્થિત ડાંગ્સ ક્લબમાં તત્કાલિન નાયબ વન સંરક્ષકશ્રી ડૉ.ધીરજ મિત્તલના હકારાત્મક પ્રયાસ અને સહયોગથી તૈયાર કરી, નવી પેઢીના યુવા રમતવીરોને પ્રોત્સાહન પુરૂ પાડતા નેરકર મામાના હાથ નીચે આહવાના સર્વશ્રી કેતન પટેલ, સતિષ પટેલ, સિદ્ધાર્થ જોષી, વિરલ ચૌધરી, શાંતારામ દૂષાણે સહિતના યુવાનો પણ બેડમિંગ્ટનની બારીકાઇ શીખીને, ખેલ મહાકુંભમાં નામ રોશન કરી રહ્યા છે. જે મારા માટે ગૌરવની બાબત છે તેમ શ્રી નેરકર મામાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું. તાજેતરમાં ગત તા.૭મી ઓક્ટોબર, ૨૦૧૮નાં રોજ ડાંગ્સ ક્લબ ખાતે રમાયેલી બેડમિંગ્ટનની સીંગલ્સ, અને ડબલ્સમાં તેમના જોડીદાર શ્રી શાંતારામ દૂષાણે સાથે સંયુક્ત રીતે પ્રથમ ક્રમે વિજેતા થનારા, નેરકર મામા આગામી ડીસેમ્બર માસમાં રાજ્યકક્ષાની સ્પર્ધા માટે, ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. જે જિલ્લા માટે, અને ખાસ કરીને નવયુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે.

ક્ષત્રિય ખેંગાર રાજપૂત સમાજ દ્વારા માંડવીમાં દશેરા પર્વની ઉજવણી કરાશે

શસ્ત્ર પૂજન, આરતી-પૂજા, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાપ્રસાદી સાથે વાર્ષિક બેઠક મળશે

સુરત

વિજયા દશમી (દશેરા)ના પાવનપર્વે સૂર્યપુત્રી તાપી નદીના તટે આવેલા સૂરત જિલ્લાના માંડવી તાલુકા ખાતે શ્રી ક્ષત્રિય ખેંગાર રાજપૂત સમાજ દ્વારા દશેરા પર્વની શાનદાર ઉજવણી કરવાનું આયોજન સમાજશ્રેષ્ઠીઓ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું છે.

કાર્યક્રમ ઉજવણીના ભાગરૂપે તા.૧૮મી ઓક્ટોબર, ૨૦૧૮ ને દશેરા પર્વ નિમિત્તે માંડવીના ખેંગાર ફળિયામાં આવેલા માતાજીના મંદિર પટાંગણમાં માતાજીની આરતી, પૂજા સાથે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ આયોજિત કરાયો છે. આ ઉપરાંત ખેંગાર સમાજના બાળ સદસ્યો તથા યુવા મંડળના તરવરીયા યુવાનો દ્વારા અહીં નૃત્ય નાટિકા સહિત તલવારી બાજીના કરતબ સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.

ત્યાર બાદ સમાજના પદાધિકારીઓ, હોદેદારો દ્વારા સામાજિક વિકાસના નવા પ્રકલ્પો, કાર્યોની જાણકારી સાથે ખેંગાર સમાજના તમામ સદસ્યોના સૂચનો, માર્ગદર્શન મેળવવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. ત્યાર બાદ ખેંગાર સમાજની વાર્ષિક સાધારણ સભાનું પણ આયોજકો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ બાદ માંડવી સહિત ગામેગામથી પધારેલા સમાજબંધુઓ માટે સપરિવાર મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજ અગ્રણીઓ સર્વશ્રી ઉપેન્દ્રસિંહ હરીસિંહ ખેંગાર-પ્રમુખ, જીગ્નેશસિંહ રમેશસિંહ ખેંગાર-ઉપપ્રમુખ, ઉપેન્દ્રસિંહ ઠાકોરસિંહ ખેંગાર-મંત્રી, ડૉ.મેહૂલસિંહ મુકેશસિંહ ખેંગાર-ખજાનચી, દેવેન્દ્રસિંહ ઠાકોરસિંહ ખેંગાર-યુવા પ્રમુખ, તથા એડવોકેટ અંકુરસિંહ ગણેશસિંહ ખેંગાર-યુવા ઉપપ્રમુખ તેમની ટીમ સાથે જહેમત ઉઠાવી રહ્યા છે.

નર્મદા પોલીસ દ્વારા નવનિર્મિત અને પોલીસ વેલ્ફેર સંચાલિત "આહાર ગ્રુહ" નો પ્રારંભ

રાજપીપળા

નર્મદા પોલીસ ગુજરાત સરકારના ગૃહ વિભાગ તરફથી વારંવારનાં માર્ગદર્શન પ્રમાણે પોલીસ વેલ્ફેર માટે કાર્ય કરે છે. પોલીસ મુખ્યમથક, જીતનગર ખાતે નર્મદા પોલીસ દ્વારા એક પોલીસ "આહાર ગ્રુહ" ઉભુ કરાયુ છે જેનું સંચાલન પોલીસ



વહીવટી શાખા દ્વારા પોલીસ વેલ્ફેર માટે કરવામાં આવશે. આ આહાર ગ્રુહ ને રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શિવાનંદ ઝા i વરદ હસ્તે પોલીસ પરિવાર અને પ્રજા માટે ખુલ્લુ મુકાયુ છે.લોકાર્પણ સમારોહમાં વડોદરા રેન્જ નાં પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા, પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા અને નાયબ વન સંરક્ષક ડો. કે. શશીકુમાર પણ ખાસ હાજર રહ્યા હતા. આ આહાર ગ્રુહ માં ૧૫૦ વ્યક્તિઓ એક સાથે બેસીને જમી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ આહાર ગ્રુહ માં કોઈ પણ વ્યક્તી રીલેક્ષ થઈ જમી શકે તે માટે સાઉન્ડ સીસ્ટમ અને ટીવી ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આહાર ગ્રુહમાં હાઈટેક કીચન પણ બનાવવામાં આવેલ છે અને હાઈજીન ની વ્યવસ્થા તરફ પણ આ આહાર ગ્રુહ માં ધ્યાન રાખવામાં આવ્યું છે. આહાર ગ્રુહ ની સાથે વાંસ માંથી એક હાટ પણ બનાવવામાં આવેલ છે, જેમાં ૧૦ થી ૧૨ વ્યક્તી ભોજન એક સાથે લઈ શકે તેમ છે અને સાથે સાથે કિચન ગાર્ડન પણ વિકસાવવામાં આવેલ છે.આ જ કિચન ગાર્ડન માં પકવેલા શાકભાજીનો જ આહાર ગ્રુહ માં ઉપયોગ થનાર છે તેથી તાજા અને શુદ્ધ શાકભાજી ખોરાક માં મળશે ઉપરાંત વિશેષ એક પગલું વધારતા પોલીસ અધિક્ષક ના માર્ગદર્શન હેઠળ અનાજ દળવાની ઘંટી પણ શરુ કરવામાં આવેલ છે.માટે નર્મદા પોલીસ દ્વારા મુખ્યમથક ખાતે આ "આહાર ગ્રુહ" ઉભુ થતાં પોલીસ પરિવારોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

અખિલ કચ્છ મેઘવંશી મારું એકતા મંચ દ્વારા સાવિત્રીબાઈ ફૂલે સન્માન ભુજ ખાતે યોજાશે

ભુજ: ભુજના બાબાસાહેબ આંબેડકર હોલમાં ગત તા.૨૩/૦૯/૨૦૧૮ના રોજ કારોબારી મિટિંગ યોજાઈ હતી.અખિલ કચ્છ મેઘવંશી મારું એકતા મંચ દ્વારા સાવિત્રીબાઈ ફૂલે સન્માન આગામી તા.૨૮/૧૦/૨૦૧૮ ના રોજ ભુજ ખાતે યોજાશે તેમાં મુખ્ય ઉદ્દેશ કચ્છ જિલ્લામાં વસતા મેઘવંશી મારુ સમાજના વિદ્યાર્થીઓ ૨૦૧૭-૧૮ માં આખા કચ્છમાં ટોપ ૩ હશે તેનું સન્માનમાં કરવામાં આવશે, જેમ કે ધોરણ - ૧૦,૧૨(આર્ટસ,કોમર્સે, સાયન્સ), ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન (આર્ટસ,કોમર્સે, સાયન્સ), ડિગ્રી,ડિપ્લોમાં, અન્ય વિશિષ્ટ સિદ્ધિઓ, કચ્છ મેઘવંશી મારું સમાજના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા,વર્ગ ૧/૨/૩ના સરકારી કર્મચારીઓ,ડોકટર,વકીલ, એન્જિનિયર, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો,સરપંચો તેમજ અન્ય વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા લોકોનું સન્માન તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ ભુજ ખાતે કરવામાં આવશે અને સમાજ શિક્ષણ મુક્ત નહિ પણ વ્યસન મુક્ત સમાજ બને તેવા ઉદ્દેશથી લોકોને જાગૃતિ કરવામાં આવશે. લોકોને રોજગારી મળી રહે તે માટે પણ કાર્ય કરવામાં આવશે.

વધુ માહિતી માટે પ્રમુખ પુરષોતમ ગોરડીયા (૯૭૧૨૭૭૧૯૩૬) અને મહામંત્રી અરવિંદ લેઉવા(૯૮૭૯૬૦૩૨૪૨)નો સંપર્ક સાધવા વિનંતી છે.

એક હજાર થી વધુ ખેલૈયાઓ દીવા થી માં અંબા ની આરતી ઉતારી

હળવદ પોલીસ આયોજિત ગરબામાં પોલીસ વડા ઉપસ્થિત

ખ્યાતનામ ગુજરાતી કલાકારોએ નવરાત્રી મહોત્સવમાં હાજરી આપ : એસપી ડો.કરણરાજ વાઘેલાને હળવદ પોલીસ દ્વારા પાઘડીયુ સમ્માન કરાયું

આજે નવરાત્રીના છઠ્ઠા નોરતે હળવદ શહેરની પોલીસ લાઈન ગરબીમાં ખેલૈયાઓની રાસ-ગરબાની રંગત જામી હતી. જેમાં આજે મોરબી જિલ્લા પોલીસ વડા વિશેષ અતિથિ તરીકે ખાઈ હાજરી આપી હતી. આ તકે હળવદ પોલીસ દ્વારા એસપી ડો.કરણરાજ વાઘેલાને પાઘડી બાંધી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા એસ.પી.એ મા જગદંબાની આરતીનો લ્હાવો લીધો હતો. ઉપરાંત ગરબીમાં ગુજરાતી કલાકારોએ હાજરી આપી ભારે જમાવટ પાડી હતી.



નવલા નોરતાની સમગ્ર હળવદ પંથકમાં સૌ કોઈ ગરબે ઘુમીને માની આરાધના કરવામાં આવે છે ત્યારે શહેરની પોલીસ લાઈનમાં હળવદ પોલીસ દ્વારા આયોજિત ગરબીમાં આજે છઠ્ઠા નોરતે સૌ કોઈ મન મુકીને રાસ-ગરબા લીધા હતા. આ પ્રસંગે મોરબી જિલ્લા પોલીસ વડા ડો.કરણરાજ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને હળવદ પોલીસ દ્વારા જિલ્લા પોલીસ વડાને પાઘડી પહેરાવી વિશેષ આદરભાવ વ્યકત કરાયો હતો. આ વેળાએ હળવદ પોલીસ પરિવાર આયોજિત ગરબીને નિહાળી એસપી ડો.કરણરાજ વાઘેલાએ આયોજન બદલ હળવદ પી.આઈ. સહિત પોલીસ સ્ટાફની ભારોભાર પ્રશંસા કરી હતી. હળવદ પોલીસ પરિવાર આયોજિત નવરાત્રી મહોત્સવમાં નાના-મોટા એક હજાર થી ખેલૈયાઓ એ દિવડા પ્રગટાવી મા આદ્ય શકિતની આરતી કરી હતી.

તો સાથો સાથ હળવદ પોલીસ પરિવાર આયોજિત નવરાત્રી મહોત્સવમાં ગુજરાતી ફિલ્મના ખ્યાતનામ કલાકારો દેવ ઠક્કર, જીતુ પંડ્યા, પુજા નાયક, ગ્રેવ કંસારા સૌરાષ્ટ્ર કચ્છ ના નામાકીત કલાકાર જેયમંત દવે એ નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત ખેલૈયાઓ ને મન મુકીને ગરબા રમડીયા હતા , હળવદ ના ઈતિહાસ માં સૌપ્રથમ વાર આવુ સુંદર અને આવડી મોટી આયોજન હળવદ પોલીસ દ્વારા કરવામાં આવ્યુ છે દર્શકોનું મનોરંજન કર્યું હતું. આ તકે પી.આઈ. એમ.આર. સોલંકી, પી.એસ.આઈ. ચન્દ્રકાંત શુકલ, પી.એસ.આઈ. પી.જી.પનારા સહિત હળવદ પોલીસ સ્ટાફએ સમગ્ર પ્રસંગ દરમિયાન ભારે જહેમત ઉઠાવી હતી. બેસ્ટ ખૈલાયા ને પ્રથમ, બીજો, ત્રીજો, નંબર એનાયત કરવામાં આવ્યા હતા શહેર માંથી મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા.

સરદાર સાહેબના જીવન કવન, વિરલ વ્યકિત્વ, સત્યાગ્રહો જેવા અનેક પ્રસંગોથી જન-જન સુધી પહોંચે તેવા આશયથી સમગ્ર જિલ્લામાં એકતા યાત્રા રથ ફરશે

સરદારની કર્મભૂમિ બારડોલી ખાતેથી ૧૯મીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એકતા યાત્રા રથનું પ્રસ્થાન કરાવશે

અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ ગામે-ગામ પ્રસરાવવામાં આવશે
દેશની એકતા અને અખંડિતતાનાં શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ
વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનાં નિર્માણ દ્વારા સરદાર સાહેબને ભાવાંજલિ

સૂરત

અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરૂષ, પ્રખર રાષ્ટ્રભકત, ભારત રત્ન અને પ્રજા વત્સલ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા-અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલનાં સમગ્ર જીવન દરમિયાન વિવિધ સત્યાગ્રહો, કુદરતી આફતોમાં તેમણે કરેલી રચનાત્મક પ્રવૃત્તિઓ, દેશી રજવાડાઓનું વિલીનીકરણ, સમાજની નવરચના, બંધારણનું ઘડતર વગેરે જેવા વિવિધ પ્રસંગોમાં તેમની અસરકારક નેતૃત્વશૈલીનાં દર્શન થયા છે. આવા વિરલ વ્યકિતત્વ માટે સરદાર સરોવર ડેમ સાઈટ પર વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટર પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યુ છે. જેનું લોકાર્પણ આગામી તા.૩૧મી ઓકટોમ્બરના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાષ્ટ્રાર્પણ થનાર છે.

પ્રતિમાના પ્રથમ તબક્કામાં સ્મારકમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને યોગદાનને જીવંત કરતુ મ્યુઝિયમ, ઓછા સમયમાં વધુ મુલાકાતીઓ માટે આ સ્થળ નિહાળી શકે તે માટે ઝડપી એલિવેટર, ફ્લોર, મેઝેનાઈન અને છતમાં એમ ત્રણ જગ્યાએ સ્ટેચ્યુનું ત્રણ સ્તરનું પ્રદર્શન મેમોરિયલ ગાર્ડન, હોટલ, એક કન્વેન્શન સેન્ટર, એક મનોરંજન પાર્ક, સંશોધન કેન્દ્રો અને પ્રતિમા સ્થળ સાથે જોડતો પુલ બનાવવામાં આવ્યો છે. પ્રતિમાના નિર્માણ માટે ૭૦ હજાર ટન સિમેન્ટ, ૧૮,૫૦૦ ટન લોખંડ, ૬,૦૦૦ ટન સ્ટ્રકચરલ સ્ટીલનો વપરાશ કરાયો છે. સરદાર સાહેબની પ્રતિમાના સ્થળે ૨૩૦ હેકટરમાં ૧૭ કિ.મી. વિસ્તારમાં દેશ-વિદેશના ફૂલોની ફલાવરવેલી, વિવિધ રાજયના અતિથિભવનનું પણ નિર્માણ થશે. જેના થકી આ સ્મારક એક આગવું પ્રવાસન સ્થળ બની રહેશે અને રોજના ૧૫ હજારથી વધુ પ્રવાસીઓ સ્થળની મુલાકાત લે એવી સંભાવના છે. આ ઉપરાંત પ્રવાસીઓ માટે ટેન્ટ સિટીનું પણ નિર્માણ રાજય સરકાર દ્વારા કરાશે. આ સમગ્ર સુવિધાઓ થકી આ સ્થળ વિશ્વકક્ષાનું અજોડ પ્રવાસનધામ બનશે.

સરદાર સાહેબના જીવન કવન, વિરલ વ્યકિત્વ, સત્યાગ્રહો જેવા અનેક પ્રસંગોથી જન-જન સુધી પહોંચે તેવા આશયથી તા.૧૯/૧૦/૨૦૧૮ના રોજ બારડોલી, સુગર ફેકટરી કંપાઉન્ડ ખાતેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એકતા યાત્રા રથનું પ્રસ્થાન કરાવશેઃ

એકતા યાત્રા રથ બે તબક્કાઓમાં ગામે ગામ ધુમશેઃ

આ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''નું ઉદઘાટન એક સંભારણુ બને તેમજ સરદાર પટેલનો સંદેશ લોકો સુધી પહોંચાડવા, સક્ષમ અને અખંડ ભારત માટે ધાર્મિક સંવાદિતાનો સંદેશ પ્રસરાવવા માટે આગામી તા.૨૦/૧૦/૨૦૧૮ થી તા.૨૯/૧૦/૨૦૧૮ તથા બીજા તબક્કામાં ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૪/૧૧/૨૦૧૮ દરમિયાન સુરત જિલ્લાભરમાં એકતા યાત્રાના ત્રણ રથો ગામે ગામ ધુમશે. દરેક ગામમાં એકતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં રથ નં.૧ તા.૨૦/૨૧/૨૨મીના રોજ બારડોલી તાલુકામાં, તા.૨૩/૨૪મીએ પલસાણા, તા.૨૫,૨૬,૨૭મીએ મહુવા, તા.૨૮ અને ૨૯મીના રોજ કામરેજ તાલુકામાં ફરશે. રથ નં.૨ તા.૨૦ થી ૨૨ દરમિયાન માંડવી તાલુકામાં, તા.૨૪ થી ૨૬ દરમિયાન ઉમરપાડા, તા.૨૭ થી ૨૯મીના રોજ માંગરોલ તાલુકામાં તથા રથ નં.૩ તા.૨૦ થી ૨૨ દરમિયાન સુરત મહાનગરપાલિકામાં, તા.૨૩ થી ૨૬ દરમિયાન ઓલપાડ તાલુકામાં તથા ૨૭ થી ૨૯મીના રોજ ચોર્યાસી તાલુકામાં ફરશે.

એકતા યાત્રાના ત્રણ રથો બીજા તબક્કામાં રથ નં.૧ તા.૧૫ થી ૧૭ નવેમ્બરના રોજ બારડોલી તાલુકામાં, તા.૨૮/૧૯મીએ પલસાણા, તા.૨૦ અને ૨૧ના રોજ કામરેજ, તા.૨૨ થી ૨૪ દરમિયાન મહુવા, રથ નં.૨ તા.૧૫ થી ૧૮ દરમિયાન માંડવી તાલુકામાં, તા.૧૯ થી ૨૧ દરમિયાન ઉમરપાડા, તા.૨૨ થી ૨૪મીના રોજ માંગરોલ તાલુકામાં તથા રથ નં.૩ તા.૧૫ થી ૧૭ દરમિયાન કામરેજ, તા.૧૮ થી ૨૧ દરમિયાન ઓલપાડ તાલુકામાં તથા ૨૨મી નવેમ્બર રોજ ચોર્યાસી તાલુકામાં ફરશે. રથ નં.૩ તા.૨૩ અને ૨૪ કામરેજ તાલુકામાં ફરશે.

આ એકતા યાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવન કવન અને યોગદાન વિષયક નિબંધ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધાઓ યોજાશે તેમજ વિશેષ રથ સાથે રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો પણ પ્રદર્શિત કરાશે. ગામોમાં રાત્રી દરમિયાન કૃષિ વિષયક માહિતી, ખેડૂત સભા પણ યોજાશે.

સગર્ભા મહિલાને છોડીને આવેલ પતી સાથે મિલન કરાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ સુરત

ડેડીયાપાડા તાલુકાની મહિલાનો પતિ સુરત ખાતે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો

સૂરત

સુરત એસ.ટી.ડેપોથી એક મહિલાનો કોલ આવ્યો કે, તેના પતિ તેને ઘરેથી છોડીને સુરત ખાતે સીટીબસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે તેમજ ત્રણ મહિનાથી તેમને સંપર્ક કર્યો નથી. પોતે હાલમાં ગર્ભવતી છે. સુરતમાં તેની ઓફિસ કયાં આવી તેની માહિતી નથી. જેથી મદદ કરવા વિનંતી કરી. ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમ ઉમરા તાત્કાલીક એસ.ટી.ડેપો પહોચી મહિલાને મળી હતી. તેની પાસે પ્રાથમિક માહિતી જાણી તેણીને સાથે લઈ પ્રથમ સીટી લીક ડેપોમાં ગયા જયાં પુછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આવી કોઈ અહી નોકરી કરતા નથી. બી.આર.ટી.એસ. ભેસ્તાન પહોચતા તેના પતિની જાણકારી મળી હતી. જેને બોલાવી તેના પત્ની સાથે મેળાપ કરાવ્યો હતો.

મહિલા પિડીત સુનિતાબેન(નામ બદલ્યું છે.) જે મૂળ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના રહેવાસી છે. આજથી પાંચ વર્ષ પહેલા નજીકના ગામમાં રહેતા સુનિલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેઓને બે વર્ષનું નાનુ બાળક છે. નોકરી અર્થે સુનિલ સુરત બી.આર.ટી.એસ.માં ડ્રાઈવર તરીકે જોડાયો હતો. શરૂઆતમાં રજાના દિવસે ડેડિયાપાડા જઈને પોતાની પત્ની તથા બાળક રહેતો હતો. ઘર ખર્ચની રકમ પણ આપતો હતો. પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી સુનિલે પોતાના ગામ જવાનું બંધ કર્યું હતું. તથા મોબાઈલ પણ બંધ કર્યો હતો. જેથી તેનો કોઈ પણ સંપર્ક થઈ શકતો ન હતો. હાલમાં સુનિતા ગર્ભવતી છે. જેથી તેણીને તથા તેના પરિવારને ચિંતા થઈ કે સુનિલ કેમ સંપર્કમાં નથી પરંતુ સુરતમાં અન્ય કોઈ ઓળખીતા કે કોઈ વ્યકિતનો મોબાઈલ નંબર ન હતો. જેથી તેઓ મુંઝવણ અનુભવતા હતા. તેઓને કોઈ માહિતી આપી હતી કે, મહિલાઓને મદદ કરવા રાજય સરકાર દ્વારા ૧૮૧ અભયમ હેલ્પલાઈન કાર્યરત છે. જેથી સુનિતા તેમના મમ્મી, નાનુ બાળક સાથે ડેડિયાપાડાની સુરત આવી. ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કર્યો હતો. બી.આર.ટી. એસ.ભેસ્તાન ખાતે નોકરી કરતા પતિ સુનિલ વિશેની માહિતી મેળવી તેની સાથે સંપર્ક કર્યો હતો. સુનિલે કબુલ્યુ હતું કે, છેલ્લા ત્રણ મહિનાથી મોબાઈલ બંધ કર્યો છે. સુનિતાને કોલ કર્યો નથી અને ઘરે પણ નથી ગયો. ઘર ખર્ચ કે કોઈ મદદ પણ પહોચાડી ન હતી. વિશેષ પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શકયો ન હતો. પરંતુ અન્ય કર્મચારીઓને પુછપરછ કરતા જાણવા મળ્યું કે, કોઈ મહિલા તેને ટિફીન આપી જાય છે. રેકયુટીમ દ્વારા કડક ભાષામાં વાત કરતા તેમણે માફી માગી હતી અને નિયમિત ઘર ખર્ચની રકમ મોકલાવશે. કોલ કરવાની ખાત્રી આપી હતી. અને હવે પછી આવી ભૂલ કરે તો પોલીસ કાર્યવાહી કરશે. સુનિતા હાલ પ્રેગનન્ટ છે તથા સુરતમાં રહેવાની સગવડ ન હોઈ જેથી ડેડિયાપાડા તેમની માતા સાથે રહેશે. અને ડીલીવરી બાદ પત્ની તથા બાળકોને સુરત લઈ આવશે તેવી ખાત્રી આપી હતી. આમ સગર્ભા પત્નીને છોડી આવેલ પતિની સાન ઠેકાણે લાવવામાં આવી હતી. પોતાને મદદ કરવા બદલ સુનિતાએ ટીમનો આભાર માન્યો હતો.

સમાજ અગ્રણી કમલેશભાઈ પટેલના જન્મ દિવસની પણ ઉજવણી કરાઈ

કડોદરા સ્થિત સમાજની વાડીમાં ગરબા ઉત્સવનું ભવ્ય આયોજન

કડોદરા

કડોદરા સ્થિત કચ્છી સમાજની વાડી ખાતે કચ્છ કડવા પાટીદાર દ્વારા નવરાત્રિ મહોત્સવ નિમિત્તે નવ દિવસ માટે ગરબા રાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાતમાં દિવસે પણ માં અંબેની આરાધના સાથે સમાજના લોકો ઉત્સાહભેર ગરબે ઘૂમી આનંદ માણ્યો હતો. તેમજ સમાજના અગ્રણી કમલેશભાઈ પટેલનો ગઈકાલે જન્મ દિવસ હોવાથી તેમને સમાજના લોકોએ જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

કડોદરા ખાતે કચ્છી સમાજની વાડીમાં સમાજના લોકો દ્વારા નવરાત્રિ મહોત્સવની ધૂમધામથી ઉજવણી થઈ રહી છે. જેમાં સમાજના લોકો બહોળી સંખ્યામાં ભાગ લઈ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનો મહાનુભાવો પણ જોડાયા હતા અને ગરબે ઘૂમી ગરબાનો આનંદ માણ્યો હતો. તેમજ સમાજના આગેવાન એવા ભાનજીભાઈ પટેલના સુપુત્ર કમલેશભાઈ પટેલનો ગઈકાલે તા.૧૬મીના રોજ જન્મ દિવસ હોવાથી તેમના ઉપર શુભેચ્છાની વર્ષા થઈ રહી હતી. ગઈકાલે રાત્રે ગરબાના બે રાઉન્ડ પૂરા થયા બાદ તેમને સમાજના ગૌરાંગભાઈ પટેલ સહિત આગેવાનો તથા મિત્રોએ શુભેચ્છા આપી હતી. ત્યારબાદ ત્રીજો રાઉન્ડ ગરબે રમીને અંતે સૌ સાથે મળી માં અંબે માંની ભક્તિભાવ સાથે આરતીમાં જોડાયા હતા.

લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં કોઈ પણ વ્યકિતએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો નહી

સુરત શહેરના મદદનીશ પોલિસ કમિશનરશ્રી(વિશેષ શાખા)શ્રી એ.કે.વર્મા એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસ(સંકુલ)માં કોઈપણ વ્યકિતએ મોબાઈલ ફોન, આઈપેડ કે દુર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. મોબાઈલ ફોન કે સીમકાર્ડ રાખશે નહી અને જેલના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ જેવી વસ્તુ સાથે પ્રવેશ કરી શકાશે નહી.

મોરબી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે ખેડૂત મહારેલી



મોરબી

જીલ્લામાં ચાલુ વર્ષે નહીવત વરસાદ થયો હોય જેથી ખેડૂતોને સિંચાઈનું પાણી, લોકોને પીવાના પાણીના ફાંફા છે જયારે માલધારીઓને પણ ઘાસચારા અને પાણીના પ્રશ્નો સર્જાયા છે ત્યારે મોરબી જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે આજે કોંગ્રેસની આગેવાની હેઠળ ખેડૂતોની રેલી યોજાઈ હતી

મોરબી જીલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા, સિંચાઈનું પાણી, ખેડૂતોની કર્જમાફી તેમજ માલધારીઓ માટે ઘાસચારા અને પાણીની વ્યવસ્થાની માંગ સાથે મોરબીમાં કોંગ્રેસની આગેવાની હેઠળ ખેડૂતો અને માલધારીઓની રેલીમાં ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજા, મહમદ જાવીદ પીરજાદા અને પરશોતમભાઈ સાબરીયા સહિતનાની આગેવાનીમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા

બાઈક અને ટ્રેક્ટર સાથે ખેડૂતોની મહારેલી યોજાઈ હતી જે નવા બસ સ્ટેન્ડથી શરુ કરીને શહેરના મુખ્યમાર્ગો પર ફરીને જીલ્લા કલેકટર કચેરીએ પૂર્ણ થઈ હતી જ્યાં આગેવાનોની ઉપસ્થિતિમાં ખેડૂતોએ મોરબી જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવો તેમજ ઘાસચારો, અને ખેડૂતોના સિંચાઈના પાણી સહિતની માંગો અંગે આવેદન પાઠવ્યું હતું.

વાલિયાના ડેહલી ચોકડી નજીક ટ્રકમાં આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી

ભરૂચ જિલ્લાના વાલિયા ખાતે ડહેલી ચોકડી નજીક એક ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી જવા પામી હતી.ફાયર ફાયટરોએ ઘટના સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.



ઘટનાની મળતી માહિતી અનુસાર એક ટ્રક ચાલક ટ્રકમાં કપચીનો ભુકો ભરીને વાડી ગામ તરફથી વાલિયા ગામ બાજુ આવી રહ્યો હતો. દરમિયાન વાલિયાની ડહેલી ચોકડી પાસે અચાનક ટ્રકમાં આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા હતા.જો કે ટ્રક ચાલક સમય સુચકતા વાપરી કુદી પડયો હતો.જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગને પગલે રાહદારીઓએ આગની જાણ ઝઘડિયા ઈન્ડેક્ષ ફાયર વિભાગ અને અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ફાયર વિભાગને જાણ કરી હતી. જેને કારણે બંને ફાયર વિભાગની ટીમના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગને પગલે મુખ્ય માર્ગ પર વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. સમગ્ર આગની ઘટનામાં આખી ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી.આગની ઘટનામાં કોઈપણ જાતની જાનહાની ન થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.ટ્રકમાં આગ શુ કારણ સર લાગી હશે તે જાણી શકાયું નથી.

જંબુસર બાયપાસ રોડની બિસ્માર હાલતથી કંટાળી સ્થાનિકો અને દુકાનદારો દ્વારા પુનઃ કરાયો ચક્કાજામ



ભરૂચ,જંબુસર બાયપાસ ચોકડી પર જ્યારે પણ મોટા વાહનો પસાર થાય છે ત્યારે ખખડધજ રોડની હાલતમાં હોય તેની રજકણો ધૂળની સ્વરૂપે બની ઉડતી રહેતી હોય છે જેનાથી આજુબાજુ ના રહેશો અને દુકાનદારો કંટાળી ચુક્યા હતા. જેથી આજે ત્યાંના સ્થાનિકોએ બાયપાસ ચોકડીને ચક્કાજામ કરી પોતાનો વિરોધ કર્યો હતો.

ભરૂચ બાયપાસ ચોકડી વાહનોથી હર હંમેશ ધમધમતો રહે છે. આ ચોકડી પરથી દહેજ થી ભરૂચ ભરૂચ થી જંબુસર જવાનો મુખ્ય માર્ગ હોય હંમેશા વાહનોથી ધમધમતો રોડ અહીયા જોવા મળે છે.રસ્તો ખરાબ હોવાથી અહીથી પસાર થતા લોકોને ઘણી વખત અકસ્માતોનો પણ ભય રહેલો છે.બાયપાસ ચોકડી પાસે ઘણી શાળાઓ પણ આવેલી હોય ત્યાંથી પસાર થતા બાળકોને પણ આ અકસ્માતના ભયનો સામનો કરવો પડે છે.

બિસ્માર જંબુસર બાયપાસ રોડ તરફ તંત્રના ઉપેક્ષિત વલણ સામે બુધવારે સ્થનિકોનો વિરોધ કરી ચક્કાજામ કરી પ્રદર્શન કરવામા આવ્યું હતું. આ વિસ્તારની અંદર રોડના કારણે ધૂળની ડમરીઓ ઉડતી નજરે પડે છે. એક નજરે તો જેમ કે સવારે ધુમ્મસભર્યું વાતાવરણ હોય તેવું પરિસ્થિતિનું નિર્માણ થયું છે જે લોકોને સ્વાસ્થ્ય માટે પણ હાનિકારક સાબિત થઈ રહ્યું છે અનેક વાર રોડ રસ્તા માટે સ્થાનિકો દ્વારા આંદોલન કરવામાં આવ્યા છતાં તેનું કોઈપણ નિર્ણય ના આવતા આખરે સ્થાનિકોએ પુનઃ ભરૂચ જંબુસર બાયપાસ ચોકડી પર ચક્કાજામ કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

જોકે પુનઃ ચકકજામ થતાની સાથેજ સફાળા જાગેલા વહીવટી તંત્રએ રોડની મરામતની કામગીરી ચાલુ કરવી હતી.

ગરૂડેશ્વર ગ્રામ-પંચાયતના વિકાસ કામોની આરટીઆઈ માંગતા સરપંચ દ્વારા મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ

ગરૂડેશ્વરના સામાજિક કાર્યકરે વિકાસ કામો અંગે ૧૬ મુદ્દાઓની આરટીઆઈ હેઠળ માહિતી માંગી હતી,બાદ સરપંચે એના ગ્રુપના માણસોને દબાણ હટાવવા નોટિસ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવા બાબતની કલેકટર અને ડીડીઓને ફરિયાદ કરી.

રાજપીપળા: નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના એક સામાજિક કાર્યકરે ગરૂડેશ્વર ગ્રામ પંચાયતના વિકાસ કામો મુદ્દે આરટીઆઈ હેઠળ માહિતી માંગી હતી.તો સરપંચ દ્વારા એની રિષ રાખી સામાજિક કાર્યકરના ગ્રુપના માણસોને દબાણો હટાવવા નોટિસ અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાના આક્ષેપ લગાવી જિલ્લા કલેકટર અને ડીડીઓને આ મામલે ોગ્ય કા?યવાહી કરવા સામાજિક કાર્યકરે માંગ કરી છે.

ગરૂડેશ્વરના સામાજિક કાર્યકર વિજય તડવીએ પોતાની રજુઆતમાં જણાવ્યું હતું કે એણે પોતે ગરૂડેશ્વર ગ્રામ પંચાયતમાં થયેલા વિવિધ વિકાસ કામો અંગે ૧૬ મુદ્દાની આરટીઆઈ હેઠળ માહિતી માંગી હતી.જેની રિષ રાખી સરપંચ બાબુ ભીખા વસાવાએ એમના માણસોને દબાણ હતાવવા નોટિસ અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આપઘાત કરવા દુસ્પ્રેરીત કર્યા છે.આ નોટિસ આપવાનો અધિકાર ખરેખર તલાટીનો હોય છે.અમારું આખું ગામ સરકારી દબાણ પર વસેલું છે તો એમને કેમ કોઈ નોટીસ નથી અપાઈ,આમ કરવામાં સરપંચે પક્ષપાત અને સત્તાનો દુરુપયોગ કર્યો છે.ગ્રામ પંચાયતમાં ગ્રાન્ટની રકમ ક્યાં કેટલી વપરાઈ એ જાણવાનો અધિકાર અમને છે જ તે છતાં સરપંચે રિષ રાખી પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી નોટિસો મોકલી છે.આમ કરી સરપંચે અમારા ગ્રુપના માણસોને માનસિક ત્રાસ આપી આપઘાત કરવા દુસ્પ્રેરીત કર્યા છે.જેથી સરપંચને એના હોદ્દા પરથી દૂર કરી એની વિરુદ્ધ પોલીસ દ્વારા ગુનો નોંધાય એવી મારી માંગ છે.મારા પરિવારના સભ્યો હાલ માનસિક તાણમાં જીવી રહ્યા છે જો કોઈ અઘટિત ઘટના ઘટી તો એની સઘળી જવાબદારી ગરૂડેશ્વર ગ્રામ પંચાયતના સરપંચની રહેશે એમ જણાવ્યું હતું.

આજે મુખ્ય મંત્રી વિજય રૂપાણી નર્મદા બંધ પર આવી સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણની કામગીરીનું નિદર્શન કરશે

રાજપીપળા : વિશ્વની સૌથી ઊંચી પ્રિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ તૈયાર છે ત્યારે તેનું લોકાર્પણ ૩૧ ઓક્ટોબરના રોજ પી.એમ નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે જેને લઈને તડામાર તૈયારીઓ ચાલુ છે. ત્યારે સ્ટેચ્યુ ના લોકાર્પણને લઈને કેટલીક સમસ્યાઓ છે અને હજુ રોડની કામગીરી બાકી છે ત્યારે ભવ્ય પ્રોગ્રામ ટૂંકાવી ૮ થી ૧૦ હજાર લોકોની હાજરી માં કરવો , વીવીઆઈપી ઓ વધુ બોલાવવા કે કેમ સહીત ની અનેક ચર્ચા કરવામાં આવશે અને આધિકારીઓ સાથે કામગીરીની તૈયારીનું પ્રેઝન્ટેશન, સ્ટેચ્યુ વિઝીટ અને ટેન્ટ સીટી ની વિઝીટ પણ રૂપકની રૂપાણી કરશે

સવારે ૧૦ વાગે જ્યાં જાહેરસભા થવાની છે ત્યાં હેલિપેડ ખાતે ઉતરાણ કરશે, પ્રેઝન્ટેશન, સ્ટેચ્યુ વિઝીટ અને ટેન્ટ સીટી ની પણ વિઝીટ કરશે

૩૧ મી ઓક્ટોબર ના સ્ટેચ્યુ ઓફ યુનિટી ના લોકાર્પણ ને લઈ તડામાંડ તૈયારીઓ ચાલી રહી છે કેન્દ્રમાં માંથી અને રાજ્યની સચિવોની તમામ ટીમો આવી જરૂરી કામગીરી નું નિદર્શન કરી રિપોર્ટ મુખ્ય મંત્રીને આપ્યો બાદમાં તૈયારીના આખરી ઓપ ની સમીક્ષા કરવા મુખ્ય મંત્રી વિજય રૂપાણી આજે સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ની મુલાકાત લેવા કેવડિયા કોલોની આવશે, અને ૧૦ વાગે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે હેલીકોપ્ટર માં આવશે બાદમાં સર્કિટહાઉસ ખાતે બેઠક યોજી પ્રેઝન્ટેશન, સ્ટેચ્યુ વિઝીટ અને ટેન્ટ સીટીની વિઝીટ કરી જરૂરી તમામ માહિતી મેળવશે એમ જાણવા મળ્યું છે.

ડેડીયાપાડા ના જામની ગ્રુપ ગ્રામ પંચાયત માં ભ્રસ્ટાચાર મુદ્દે સભ્યોની તપાસ ની માગ

તલાટી અને સરપંચ દ્વારા સભ્યોને વિશ્વાસ માં લીધા વગર તમામ ગ્રાંટો બરોબર વાપરી નાખી જો તાપસ કરવામાં આવે તો ઘણું બહાર આવે ની માંગ

આગાઉ ડીડીઓને લેખિત રજુઆત કરવા છતાં કોઈ પગલાં ના ભરાતા હવે સભ્યોએ જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યું

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના જામની ગ્રામ પંચાયત માં સરપંચ અને તલાટી દ્વારા સરકારી ગ્રાન્ટો અને વિકાસ ના કામોમાં ભ્રસ્ટાચાર થયો હોવાની બાબતે ગ્રામ પંચાયતના ૭ જેટલા સભ્યોએ આક્ષેપ કરી જિલ્લા કલેક્ટરને આવેદન આપી તપાસ ની માંગ કરી છે ત્યારે સરકારી ગ્રાંટો નો દૂર ઉપયોગ સાથે સભ્યોના ખોટા સહી સિક્કા કરી ગ્રામપંચાયત માં ચાલતા ભ્રસ્ટાચારની રજૂઆત મુદ્દે ફાફળાટ ફેલાયો છે.

જામની ગ્રુપ ગ્રામપંચાયત ના સભ્યો દ્વારા અપોલા આવેદન અુસાર ડેડીયાપાડા ની જામની ગ્રુપ ગ્રામ પંચાયત માં બહુમતીના જોરે એક પેનલ જીતી અને મહિલા આદિવાસી અનામત બેઠક પરથી જોગના શિવરામ વસાવા સરપંચ તરીકે ચૂંટાયા બાદમાં તેમના હાથમાં વહીવટ આવતા તેમના પતિ શિવરામ ધનજી વસાવા ગામના તલાટી કમ મંત્રી સાથે મળીને બરોબર કોઈપણ સભ્યોને વિશ્વાસ માં લીધા વગર બરોબર ગ્રાન્ટો વાપરી નાખી સભ્યોની ખોટી સહી અને સિક્કા પણ તેમની જાણ બહાર મારી ભ્રસ્ટાચાર કરવા લાગ્યા ૧૪ માં નાણાપંચ ની કેટલી ગ્રાંટો આવી સાથે રસ્તા, પાણી, નાળા, લાઈટ, બોર, મોટર ના કામોમાં પણ ઉંચા બીલો મૂકી ભ્રસ્ટાચાર કરવામાં આવ્યો જેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. નરેગાના કામો માં પણ એકલો ભ્રસ્ટાચાર કર્યો હોય ભ્રસ્ટાચાર કરવામાં આવ્યો છે, આ સરપંચ તેમના પતિ અને તલાટી પર કાયદેસરની કાર્યવાહી થાય સાથે આ ગ્રુપ ગ્રામપંચાતની તપાસ કામ એક એક કામોની તાપસ થાય બેંકોમાં કોની સહીઓ થાય છે તે પણ ચેક થાય જે બાબતની તાપસ ની માંગ ગામ પંચાયત ના સભ્ય એવા વસાવા દિવેલીયા, અભેસિંગ વસાવા, ગીતાબેન વસાવા, અંજનાબેન વસાવા, યશોદાબેન વસાવા, રંજનાબેન વસાવા, ઈશ્વર વસાવા સહીત ગ્રામજનોએ પણ આક્ષેપો લગાવ્યા છે. સાથે સચોટ તપાસની માંગ કરી છે.

નર્મદા કલેકટરે ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને ૧૬ મામલતદારોની આંતરિક બદલી કરી

રાજપીપળા:હાલ ૨૦૧૯ લોકસભા ચૂંટીના ભણારા વાગી રહ્યા છે.તેને લઈને થોડા દિવસો અગાઉ જ સરકાર દ્વારા રાજ્યના પોલીસ અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો કરાય હતા.તો નર્મદા જિલ્લા વહીવટી તંત્ર પણ ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને હરકતમાં આવી ગયું છે.નર્મદા કલેકટર આર.એસ.નિનામાએ ૧૬ મામલતદારોની આંતરિક બદલી કરી છે તો બીજી બાજી ૧૨ ક્લાર્કને નાયબ મામલતદાર તરીકે બઢતી અને ૬ કારકુનોની આંતરિક બદલીનો હુકમ કર્યો છે.

નર્મદા કલેકટરે ૧૨ કારકુનોને નાયબ મામલતદાર તરીકે બઢતીના હુકમો કર્યા છે એ મુજબ એમ.જી.સોલંકી, આર.એમ.દેસાઈ, ડી.એમ.સાંખટ, એચ.વી.પારેખ, પી.એસ.પાઠક, એન.પી.વણકર, કે.એમ.શર્મા, પી.પી.પરમાર, જી.એમ.ચૌધરી, એ.આર.બારીયા, એચ.ડી.પ્રજાપતિ તથા જી.પી.કરમુરનો સમાવેશ થાય છે.૬ કારકુંનોની આંતરિક બદલીઓ કરી છે તે મુજબ એસ.એફ.વસાવા, પી.એમ.વસાવા, એમ.એમ.વસાવા, ડી.બી.વાળંદ, વી.જે.વસાવા અને વી.બી.નાઈનો સમાવેશ થાય છે.જે ૧૬ નાયબ મામલતદારોની આંતરિક બદલી કરી એ મુજબ એસ.આર.વસાવા, આર.વસાવા, એચ.બી.ચૌહાણ, કે.એમ.રાજપૂત, એમ.પી.કુશવાહ, એ.એસ.વસાવા, જી.આર.વસાવા, વી.યુ.વસાવા, જે.એસ.પ્રજાપતિ, ડી.આર.ચૌહાણ, એન.કે.વરખવાલા, એચ.એસ.ગોહિલ, એસ.એસ.દિવાકર, બી.જે.ચાવડા, આર.જે.ગજજર નો સમાવેશ થાય છે.

૧૨ ક્લાર્કને નાયબ મામલતદાર તરીકે બઢતી આપી

માર્ગ પર જતી કાર સામે દીપડો આવી જતા કારમા લાગી આગ

તિલકવાડા ના વોરા ગામ પાસે પુરપાટ જતી કાર સામે દીપડો આવી જતા ઝાડ સાથે અથડાયેલી કાર માં આગ ભભૂકી ઉઠી કારનો ચાલાક કાર લઈ વડોદરા થી પલસાણા પોતાના મોસાળ માં જતા બનેલી આ ઘટના માં ચાલાક નો આબાદ બચાવ, કાર ભસ્મીભૂત



રાજપીપળા : વડોદરા શહેર ના જાંબુવા જકાત નાકા પાસે ના આદિત્યપાર્ક માં રહેતા સુરેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ ચૌહાણ બુધવારે વહેલી સવારે વડોદરા થી એના શેઠ મહેન્દ્રસિંહ શર્મા ની કર નં.જી જે ૬ એફ ક્યુ ૫૦૭૭ લઈ વડોદરા થી તેના મોસાળ પલસાણા જતા હતા એ સમયે વહેલી સવારે નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકા માં આવેલા વોરા અને શાહપુર ગામ પાસે થી કાર લઈ જતા માર્ગમાં અચાનક એક દીપડો આવી જતા એને બચાવવા જતા ચાલાક સુરેન્દ્રસિંહ એ અચાનક બ્રેક મારતા તેનો સ્ટિયરિંગ પર નો કાબુ ગુમાવી દેતા નજીક ના એક ઝાડ સાથે કાર ધડાકાભેર અથડાતા કારમા અચાનક ધુમાડા સાથે આગ લાગતા ઘભરાયેલો ચાલાક ફટાફટ કાર માંથી બહાર આવતાજ આંખે આખી કાર આગ માં બળી ને ખાખ થઈ ગઈ હતી આ બાબતે ચાલકે તિલકવાડા પો.સ્ટે.માં જાણવાજોગ ખબર આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.